# હિમાલય અમારો

## (દેશભક્તિનાં ગીતો)



## - શ્રી યોગેશ્વર

## NOTICE

### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

*



E-book

| | |
|---|---|
| Title | : Himalay Amaro |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 60 |
| Created | : June 21st, 2010. |

*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. (Publisher: Rajkot Nagrik Suraksha Samiti; Printer: Kitabghar Printary, Rajkot) However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## પુરોવચન

ગણ્યા ગાંઠ્યા દિવસોની જ વાત છે. ભારતની ઉત્તર સીમા સળગી ઊઠી. વરસો અને યુગોથી પ્રશાંત રહેનારી, દેશને માટે દુર્ભેદ્ય દિવાલ જેવી બનેલી, હિમાલયની પુણ્યભૂમિ, એકાએક આવી પડેલા આક્રમણનો શિકાર બની ગઈ. એ તપોભૂમિ હાલી ઊઠી. આક્રમક સૈનિકોના અવરજવરથી ધમધમી ઊઠી. હિમાચ્છાદિત હિમાલયને પાર કરીને, પરદેશી ધાડાં દેશ પર ઉતરી પડ્યાં.

પરંતુ એ આક્રમણનો પ્રતિકાર કરવા માટે, જોત જોતામાં તો દેશ આખો બેઠો થઈ ગયો. દેશભક્તિ કે દેશપ્રેમની એક નવી, જોરદાર લહરી દેશભરમાં ફરી વળી. પૂર્વથી પશ્ચિમ ને ઉત્તરથી દક્ષિણ, એના રંગમાં રંગાયા, ને ટટ્ટાર થયાં. નાની ને ગૌણ વાતો ભૂલાઈ ગઈ. આડવાતો એક તરફ રહી; અને રાષ્ટ્રની સુરક્ષા કે સલામતીની એકમાત્ર વાત, અને અત્યંત અનિવાર્ય વાત, જનતાની આગળ આવીને ઊભી રહી. અથવા તો પ્રધાન બની ગઈ.

વરસો જ નહિ, યુગોથી હિમાલય ભારતનો હતો. એના પર ભારતનું આધિપત્ય હતું. રાજકીય આધિપત્ય તો ખરું જ, પરંતુ સાંસ્કૃતિક આધિપત્ય પણ. ભારતીય સંસ્કૃતિ હિમાલયના પાવન પ્રદેશની સહચરી હતી. એ સંસ્કૃતિ ત્યાં ફાલીફુલીને મોટી થઈ હતી. એ સંસ્કૃતિના સર્વોત્તમ ગ્રંથ ત્યાં સાકાર બનેલા. વ્યાસ, શંકરાચાર્ય, ને કાલિદાસે તેની પ્રશસ્તિ કરેલી. એ ભૂમિ યુદ્ધભૂમિ બનીને બીજાના હાથમાં જાય, તે દેશ કેવી રીતે સહન કરી શકે ? દેશમાં નાદ જાગ્યો : હિમાલય અમારો છે, અને દેશવાસી એના, અને એની દ્વારા આખા દેશના સંરક્ષણને માટે સર્વસમર્પણ કરવા કટિબધ્ધ થયા. શૂરતાને સાદ થયો. સમર્પણ ભાવને આહ્વાન કરવામાં આવ્યું. લોકો પોત પોતાની શક્તિ પ્રમાણે એનો ઉત્તર આપવા માંડ્યા. સોનું, રૂપિયા, માણસોનો જાણે કે પ્રવાહ ચાલ્યો.

આવે વખતે કવિ, લેખક કે સાહિત્યપ્રેમીનું કર્તવ્ય શું? દેશદાઝ તો તેના દિલમાં પણ ભરેલી છે. મને થયું કે આવે વખતે શું કરી શકાય ? ઘણું ઘણું કરી શકાય, કલમ પણ તેમાં કામ લાગે, ને પોતાનો ફાળો આપી શકે. અંદરથી સાદ સંભળાયો કે

'કલમ ચલાવ્યે જા, ઓ લેખક,
કલમ ચલાવ્યે જા!'

આખુંયે ગીત જોત જોતામાં લિપિબધ્ધ બની ગયું.

ત્યાં તો બીજાનો પ્રારંભ થયો –

'હિમાલય અમારો, હિમાલય અમારો.'

એ રીતે કાવ્યધારા વહેવા માંડી.

એ ધારાનો એક સાધારણ વિભાગ જનતાની આગળ રજૂ કરી રહ્યો છું. જનતા આ ગીતોનો લાભ ઉઠાવશે એવી આશા છે.

- **યોગેશ્વર** (રાજકોટ)

## **શ્રી યોગેશ્વરજી**




(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)

દેશપ્રેમનાં ગીતોનો આ નાનો સરખો સંગ્રહ રસિકોની આગળ રજૂ કરી રહ્યો છું.

દેશને માટે કાંઈક કરી છુટવાની ભાવના ચારેકોર ફેલાઈ રહી હોય, ત્યારે કવિ પણ એ ભાવનાને શબ્દના રૂપમાં મૂર્તિમંત કરવા પ્રેરાય છે; અને એમ કરીને ધન્યતા અનુભવે છે. આ સંગ્રહ એનો જ પ્રતિધ્વનિ છે.

**- શ્રી યોગેશ્વર**


જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બીજાને સૌરભ દઈએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બીજાને સલિલ દઈએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીને બીજાને જ્યોતિ દઈએ.
જીવન એક યાત્રા, વિચાર યાત્રા,
એના યાત્રી બનીને બીજાને યાત્રા કરાવીએ

યોગેશ્વરના આશિષ

**અનુક્રમ**


૧. લેખકને
૨. હિમાલય અમારો
૩. જનતા જાગી
૪. ડંકા નિશાન
૫. આઝાદી
૬. આસુરી બળને
૭. ભારત, તારી શાન રહો
૮. જાણે કુંભકર્ણ
૯. અવસર આવ્યો
૧૦. ભારતવાસીને
૧૧. દેશપ્રેમ
૧૨. આકાંક્ષા
૧૩. દૈવી સંદેશ
૧૪. ભારતનો નવ નાશ થશે
૧૫. દેશના હાકલ પડી તો
૧૬. શ્રદ્ધા અને ખબર
૧૭. સૈન્યતણો છે જયજયકાર
૧૮. આહ્‌વાન
૧૯. ખાઈ ખોદનહારા!
૨૦. દેશને માટેનું અર્પણ
૨૧. દેવ દીકરી
૨૨. કેસરિયાં કરો
૨૩. ભાવના
૨૪. આઝાદીની પાંચાલીના
૨૫. જુઓ પાછી કરો પાની
૨૬. ભારતમાની રક્ષા કાજે
૨૭. આજ અમારા
૨૮. ઉદબોધન
૨૯. રણ ચઢવા લલકારે
૩૦. ભલે થવાનું હોય તે થાય
૩૧. ભારતનો જયજયકાર
૩૨. કુરબાની
૩૩. ડોલી ઉઠ્યા
૩૪. કોની છે તાકાત
૩૫. બીક હવે તો ગઈ
૩૬. લડાઈનો અંત હો
૩૭. પ્રિયતમાનો પત્ર
૩૮. પાણી બતાવો
૩૯. હિન્દુસ્તાન! જય હિન્દુસ્તાન!
૪૦. ઓ દેશ ભારત!
૪૧. કદમ ભરો
૪૨. હઠો હઠો
૪૩. દેશકેરી દાઝ
૪૪. શૂરવીર સેનાનીને
૪૫. દેવોને દુર્લભ દેશ હે!
૪૬. આક્રમકોની સાથ
૪૭. વસુધા એક કુટુંબ સમી છે!
૪૮. ધ્વજને વંદન
૪૯. મંગલ મારા દેશ રૂપાળા!




* * *

## ૧. લેખકને

કલમ ચલાવ્યે જા, ઓ લેખક, કલમ ચલાવ્યે જા !
ગૌરવભીનું ગા, ઓ લેખક, કલમ ચલાવ્યે જા !

આફત અભ્ર છવાયાં આભે, સૂર્ય રૂપ તું થા !
પ્રાણ બધાનાં ઝંકૃત કરતાં, પ્રકાશ પાવન પા ! .. ઓ લેખક.

વીંટે વરાળ વિષની સૌને, અમૃત ત્યારે થા,
જોમભર્યો જીવનરસ રેલી, ન્હવરાવીને ન્હા ! ... ઓ લેખક

વસંત બનતાં પાનખર મહીં, પ્રફુલ્લ પવને વા,
કાળ કરાળ ઉભો હો સામે, નિર્ભય બનતાં ગા ! ... ઓ લેખક

સત્તા ધન અનૃતથી ડરતાં મૂક રહેતો ના,
અહર્નિશ રહી આઝાદ ભલે, આતમ સૌનો થા ! ... ઓ લેખક

જોજે દોષ ન લાગે તુજને, પ્રમાદ છોડી ગા,
મનુકુળમાં ક્રાંતિ કરે એવી બની પ્રેરણા જા ! ... ઓ લેખક

*   *   *

## ૨. હિમાલય અમારો

હિમાલય અમારો, હિમાલય અમારો,
નથી આજનો, છે યુગોથી અમારો,
મહા દેશકેરા મુકુટનો ઝગારો. ... હિમાલય અમારો.

રચ્યાં શાસ્ત્ર ત્યાં દિવ્ય જ્ઞાની જનોએ,
તપ્યા સિદ્ધ યોગીન્દ્ર કેરા ગણોયે,
બન્યો રાષ્ટ્રરક્ષક પરમ એ અમારો ... હિમાલય અમારો.

વહી ગંગ જેવી નદી કૈંક એથી,
બન્યો દેશ ફળદ્રુપ અત્યંત તેથી,
સુશોભિત બન્યો એ તુષારે રૂપાળો ... હિમાલય અમારો.



ઘણાં ચીડ ને દેવદારે ભરેલો,
વળી તેજમલ ને ચિનારે છલેલો,
ગુરૂ ને પિતા તેમ સંગી થનારો ... હિમાલય અમારો.

અમે રક્ષશું એહને સૌ મળીને,
જરૂરત પડ્યે પ્રાણ-પ્યારા ધરીને,
અમારો હિમાલય ન કો'નો થનારો ... હિમાલય અમારો.

*   *   *

### 3. જનતા જાગી

જનતા જાગી, જનતા જાગી, જનતા છે જાગી.

ઓ આક્રમકો, જાવ હવે જ્યાંથી આવ્યા ત્યાં ભાગી,
ભુક્કા દેશે હવે ઉડાડી, ગયા બધા જાગી ... જનતા જાગી.

શાંતિ સ્નેહની વાતો કીધી બનતાં અનુરાગી,
પોત પ્રકાશ્યું આજ તમે તો, મોત રહ્યા માગી ... જનતા જાગી.

ભ્રાતૃભાવની ભ્રમણાવાળા સ્વર દીધા ત્યાગી,
સમર્પણતણી દેશ મહીં છે હાક રહી વાગી ... જનતા જાગી

આઝાદી પ્યારી છે અમને પ્રાણથકી લાગી,
મરી જશે શૂર છતાં ભયથી જશે નહીં ભાગી ... જનતા જાગી

નથી દેશ આ નાનો સૂનો, ગયો બધો જાગી.
દિગ્મંડળમાં રહ્યાં હવે તો દુંદુંભી વાગી ... જનતા જાગી.

* * *

## ૪. ડંકા નિશાન

ડંકા-નિશાન, આજ ડંકા-નિશાન,
યુદ્ધતણા વાગે છે ડંકા-નિશાન !
ખૂણે ખૂણેથી આજ આવો જવાન ! ... યુદ્ધતણા.

રણભેરી રાષ્ટ્રમહીં વાગી રહી છે,
વીરહાક ગૌરવથી ગાજી રહી છે,
હાક સામે મારીને આવો જવાન ! ... યુદ્ધતણા

જીવનની લાલસા ન રાખશો જરી હવે
મરશો તો વીર બની જન્મશો ફરી ભવે,
જન્મભૂમિને કરીને આવો પ્રણામ ! ... યુદ્ધતણા

ડરપોક હોય તે ડગલું ભરે નહીં,
શૂરવીર અંત લગી કેમે ચળે નહીં,
મારી હઠાવી દો, રિપુને તમામ ... યુદ્ધતણા.



જન્મીને લૂણ ઘણું ધરતીનું ખાધું,
કરવા હલાલ તેને ભાગ્ય હવે લાધ્યું,
પાછી પાની ના જો જો કરતાં જવાન ! ... યુદ્ધતણા.

* * *

## ૫. આઝાદી

સૌથી પ્યારી છે આઝાદી, સૌથી છે પ્યારી.

એને કાજે અમે જિંદગી સદા રહ્યા ધારી,
મિલકત બધી અમારી એના પર જઈએ વારી. ... સૌથી પ્યારી

પશુ, પંખી પણ જેને ઝંખે, ઔષધિ યે ન્યારી,
પ્રાણથકી પ્યારી એ અમને નવજીવન ક્યારી ... સૌથી પ્યારી.

પરાધીનતામાં શાંતિ નહીં, કેદસમ અકારી,
સોનાને પીંજર પણ પંખી, રહે આંસુ સારી ... સૌથી પ્યારી.

ધન-વૈભવ સંપત્તિ સઘળું, એના પર ઢાળી,
ભલે જિંદગી કદી જઈએ, એ માટે હારી ... સૌથી પ્યારી.



* * *

## ૬. આસુરી બળને

આસુરી બળને મારી હઠાવો પૂરા જોમથી;
દાનવના દળને ભાંગી કાઢોને પૂરા જોમથી, .. આસુરી બળને.

જોઈ રહ્યા શું વીરો ! લૂટારા ટોળાં આવ્યાં હિમાલય પાર પરદેશથી,
ધાડપાડુ જેવા પેઠા દગો દઈ તમને દેશે, ઓચિંતા એ છદ્મવેશથી,
ભગાડી એને કાઢો તમારી પ્યારી ભોમથી ! ... આસુરી બળને

છેક છે અનીતિવાળા, અનાચારી ને અધર્મી, જો જો સત્કારો ના રે'મથી,
સામ્રાજ્ય-લાલસાના મૂર્તિમંત રૂપ જેવા, ભરખી જવાના આવ્યા નેમથી,
સત્કારો રાતાં રોષે ભરેલા રોમરોમથી ... આસુરી બળને

હિરણ્યાક્ષ બન્યા છે વારસના જેવા એ તો, માયાવી દૂત જેવા પ્રેતના,
પહોંચાડો કાળ પાસે ચપટી વગાડતામાં, રગદોળી દો ને સૌને રેતમાં.
બચી શકે ના ભલેને લડી લે ધરતી-વ્યોમથી ... આસુરી બળને.

* * *

**૭. ભારત, તારી શાન રહો**

ઓ ભારત, તારી શાન રહો !
પાંચ ખંડની પૃથ્વીમાં તું,
અવિચળ એવું સ્થાન લહો ! ... ઓ ભારત

વેઠે આજ વિપત્તિ ભારે,
વખત થયો વિપરિત અહો !
વાદળ જેમ જ વહી જાવ એ,
શાંતિ સમીર બધેય વહો ! ... ઓ ભારત

ગૌરવભેર ધપો આગળ તું,
સૌને સાંત્વન-શબ્દ કહો,
આઝાદ રહી યુગોયુગ લગી,
નીતિ-ધર્મને નિત્ય ચહો ! ... ઓ ભારત



*   *   *

## ૮. જાણે કુંભકર્ણ

જાણે કુંભકર્ણ ગયો હવે જાગી.
લોહી છલ્યાં લોચનિયે ઘૂરકી રહ્યો એ,
લાંબી નીંદરડીને ત્યાગી. ... જાણે

લાખો ઉપાયે બેઠો થતો ના,
મોહિની અજબ એને લાગી,
સર્વભક્ષી બનીને મોઢું ફાડ્યું હવે,
ભોગ રહ્યો ભારેખમ માગી ... જાણે

તણખા ઉડે છે એના પ્રાણમાંથી પ્યાસના,
બની ગયો રિપુકેરો રાગી,
અટ્ટહાસ કરે ત્યાં તો ધરણી ધ્રુજે આ,
ડોલે છે ડુંગરા અનાદિ ... જાણે

થર થર થર કંપવાની દુશ્મનની કાયા,
વીણા વીરત્વકેરી વાગી,
ભ્રમણા શમી ગઈ ને ભીતિ મટી ગઈ,
ભેદભાવ ગયા બધા ભાગી ... જાણે

જોજે ના ઉંઘતો ફરી વાર વીર, તું
સ્વપ્નાં સેવી વરણાગી,
લૂંટી રહ્યો છે તારી ભોમકાને પેલો,
નિર્લજ્જતાભર બાગી ... જાણે.

* * *

## ૯. અવસર આવ્યો

અવસર આવ્યો આજ અવસર આવ્યો,
કુરબાની કરવાનો અવસર આવ્યો !

શોણિતના છાંટણા ઉડે છે આભલે,
લેવાને લ્હાણ જુઓ અવસર આવ્યો ! ... કુરબાની

માતૃભૂમિ માટેના જંગે ઝઝૂમવા,
સંદેશો દેશ આજે આખો લાવ્યો ! ... કુરબાની

નીંદરડી સોનેરી સેવી વર્ષો લગી,
એટલે તો દુશ્મન આરંભે ફાવ્યો ... કુરબાની

ઉઠો, રાષ્ટ્રચરણોમાં સઘળું સમર્પતા,
રાષ્ટ્ર-પ્રેમને ભલે હો આજે તાવ્યો ! ... કુરબાની



*   *   *

## ૧૦. ભારતવાસીને

ભીતિ બધી આજ દો છોડી, ભારતવાસી,
ભીતિ બધી આજ દો છોડી !
હિંમત દેતા નહીં તોડી, ભારતવાસી,
ભીતિ બધી આજ દો છોડી !

યાદવાસ્થળી ભલેને કરવાને આવી આસુરી લોકની ટોળી;
મારી હઠાવજો મરદાનગીથી, ખેલીને હીરની હોળી.
જો જો બેસી રહો હાથ જોડી ... ભારતવાસી

સતના સંગ્રામમાં સંકટ તો આવશે, આઘાતો આવશે ભારી;
છાતી બળિયા થઈને સામનો કરે તે, પામે ફત્તેહને ન્યારી.
જતા દુઃખને દેખી ના દોડી ... ભારતવાસી

વીરની વસુંધરા છે, વીરને જ માટે છે, ભ્રમણા ના સેવતા કોઈ;
વીર બની ભોગવી લો, લલકારો એવા, કો' કાળે શકે ના જોઈ.
બધી બાજી દો દૈત્યની ફોડી .... ભારતવાસી

*    *    *

## ૧૧. દેશપ્રેમ

દેશપ્રેમ !
દેશમાં કરોડ માનવીનો માત્ર યોગક્ષેમ;
થાય શ્રેય સર્વનું અનેકરૂપ પૂર્ણ કેમ ?
એ જ છે અમારી નેમ ! ... દેશપ્રેમ !

મંત્ર, બીજમંત્ર, એજ ઈષ્ટદેવતાય તેમ,
ધર્મ, સાધના, અનંત, સાધ્ય, ગૂઢ સિંધુ જેમ,
એ મહીં નહીં વ્હેમ ! ... દેશપ્રેમ !

શબ્દને સુણી પ્રફુલ્લ થાય પ્રાણ આ સપ્રેમ;
કામના કરીએ એ થકી થઈ રહી ને હેમ,
દેશને સુહ્રાવતા રહીએ દીર્ઘકાલ એમ ! ... દેશપ્રેમ !



*   *   *

## ૧૨. આકાંક્ષા

જીત થાય જંગમાં કે થાય ભલે હાર,
અનીતિને વશ થવું નહીં કદી કાળ !
પાખંડી કરે ભલેને શસ્ત્રો કેરી ધાર,
પૌરૂષને બાંધી રહું એની સામે પાળ !

અહંકારીની સમીપે નમાવું ના શીશ,
આશીર્વાદ એ જ આજે આપી દેજે ઈશ !

દુઃખ મળે સાંપડે કે સુખ કેરો સ્વાદ,
ચઢી જવું જંગે સુણી આરતનો સાદ;
સહવાં પડે ભલેને વેદનાનાં બાણ,
ગોળાઓ છૂટે ભલેને કાઢી લેવા પ્રાણ,

પીછેહઠ કરું નહીં જંગથી જરી,
એટલું દો આપી પ્રભુ હે, કૃપા કરી !

તમિસ્ત્રના થર ભલે વ્યાપ્ત બધે થાય,
સાથીદારો શુભેચ્છકો છોડી સૌએ જાય;
એકાકી સફર તોયે સ્નેહથી કરું,
આહ કે નિરાશા, આંસુ, પ્રાણ ના ભરું !

તારા વિના કોઈનો યે યાચું ના પ્રકાશ,
આશીર્વાદ દે ત્યારે એ આવશે ઉજાસ !

આસન મળે, મળેલું આસન કે જાય,
ધન ને વૈભવ વળી ખાખ ભલે થાય,
આતંકકારીનો કદી પક્ષ ના લઉં,
અત્યાચારીનો કદી સાથી ના થઉં.


સત્તા, દંભ, જુલમનો સામનો કરું,
શુભાશિષ આપ, જીવું એ માટે મરું !

## ૧૩. દૈવી સંદેશ

કુરુક્ષેત્ર મહીં જ્યારે શંખનાદ થઈ રહ્યા,
વિરોધી યુદ્ધને માટે લાલાયિત દળો થયાં;
થયો અર્જુનને ત્યારે ઘોર વ્યામોહ, એહણે
છોડ્યું ગાંડીવ ને ઊભો ખિન્નશો કૃષ્ણની કને.

ગીતા તણો સુંદર સાર્થ ત્યારે,
સંદેશ આપ્યો પ્રભુએ અનેરો;
થા ક્લૈબ્યથી મુક્ત, તને થયો કાં
વિષાદ હે અર્જુન, આ ઘણેરો ?

દીક્ષા દઈ દિવ્ય સ્વધર્મ કેરી,
સંગ્રામ કાજે શુભ પ્રેરણા કરી;
વીતી ગયેલા ઇતિહાસની એ,
કથા મહાભારતમાં બધી ભરી.



ઘોર ઘર્ષણના આજે ઓળાઓ ઉતરી રહ્યા,
હિમાલયતણા સર્વે શિખરો સળગી ગયાં,
દેવકીનંદને દીધો મંત્ર ત્યારે યુગો તણાં,
ભેદી આવરણો આવે હણતાં તમ લોકનાં;

રાષ્ટ્રના કર્ણધરોએ ઝીલ્યો સંદેશ ભવ્ય એ,
જનતાએ વળી ઝીલ્યો, કવે છે કવિ એ જ કે-

અનીતિ સામે નતશીશ ના થા,
ઓ દેશ મારા, લલકારતાં ગા;
ગુલામ આવે કરવા તને જે,
પરાસ્ત તેને કરવા ખપી જા !

દબાવવા જે તુજને મથી રહે,
વિવેકની વાત અનેકધા કહે,
છતાં ન માને, તુજને ડરાવે,

તેના થકી ના ડર, દીન ના થા.
પરાસ્ત તેને કરવા ખપી જા !

અસત્ય ને દંભથકી ડર્યા વિના,
ને સત્યના પંથથકી ડગ્યા વિના,
ધપી રહે આગળ દેશ મારા !
અનીતિ સામે નતશીશ ના થા !

સંદેશ આપતાં ઊભો આજે યે એ જ પ્રેરણા,
સ્વાતંત્ર્ય સાચવે મોંઘુ પછીથી દેશ કેમ ના !

*   *   *

### ૧૪. ભારતનો નવ નાશ થશે

રવિ માનવ સંસ્કૃતિનો પ્રકટ્યો જેને પ્રાંગણ વૈદિકકાળ મહીં,
વસુધૈવ કુટુંબતણી પરમાત્મતણી જેણે અદભૂત વાત કહી;
જેના જ્ઞાન સમું નવ જ્ઞાન મળે અવની પર ખોજ કરો તો કશે,
તમે માથું પછાડી ભલે મરશો, એવા ભારતનો નવ નાશ થશે.

મહાવીર ને ગૌતમ શંકર શી જેણે ભેટ સપ્રેમ અનેક ધરી,
જેણે વીર પ્રતાપ ને શૂર શિવાજીની સૌરભથી જગવાડી ભરી;
જેણે દિવ્ય દયાનંદ, ગાંધી ધર્યા, બની શાશ્વત તીર્થસમાન હસે,
તમે માથું પછાડી ભલે મરશો, એવા ભારતનો નવ નાશ થશે.

દૃઢ છે જનતા એની જંગે ચઢી, શકશો ન કદીય ગુલામ કરી,
નવ સંકટથી ડરશે કદીયે, એ તો સંકટસિંધુ સહસ્ત્ર તરી;
એ તો સાચવશે નિજ શાન બની કુરબાન છો શોણિત યેવ હશે,
તમે માથું પછાડી ભલે મરશો, એવા ભારતનો નવ નાશ થશે.

કરશો ન કુદૃષ્ટિ, ન ઘાટ ઘડો, એને કાજે જાલીમ ના જાળ વણો !
ભરખી જવા ભોમકા ભાગો નહીં, ડર એને નથી હથિયાર તણો;
અમીદૃષ્ટિ મળે એને ઈશ્વરની, એનો વાળ કદી નવ વાંકો થશે,
તમે માથું પછાડી ભલે મરશો, એવા ભારતનો નવ નાશ થશે.

*   *   *

## ૧૫. દેશની હાકલ પડી તો

દેશની હાકલ પડી તો, ભોગની પરવા નથી,
માતા તાણી હાકલ પડી તો, મોતની પરવા નથી.

દુશ્મન જનોએ દેશ પર છે આક્રમણ ઝેરી કર્યું,
માતા તણી છાતી ઉપર ખૂને ભર્યું ખંજર ધર્યું,
સ્વપ્નાં ગુલાબીને તજી દો, નીંદની પરવા નથી .... માતા તણી.

લાખો થવા ઘાયલ જતાં, લાખો ધપે ખપવા વળી,
લાખો તિલક કરતાં વધે રણમોરચે રણકેસરી,
પાણી બતાવી દો હવે તો, ઘા તણી પરવા નથી ... માતા તણી.

મર્દાનગીનો કાળ છે, કાયર બન્યે ના ચાલશે,
કરશો પ્રમાદ જરીક તો, દુશ્મન વધારે ફાલશે,
પરવશ કરો દુશ્મન બધા, પીડા તણી પરવા નથી ... માતા તણી.

આવો ખમીર બતાવવા, છે શૌર્યને તેડું થયું,
કાંઈક કરવા થનગનો, જીવન ન હો એળે ગયું,
પાછા વળો વિજયી બની, જીવનતણી પરવા નથી ... માતા તણી.


* * *

**૧૬. શ્રદ્ધા અને ખબર**

છલ્યા સોમલથી સમીરો કરે સુસવાટા ભલે,
ખબર છે તુજને કરાયે કેમ એના પર સફર,
આકરા અંગાર ચારેકોરથી ઝરતા ભલે,
હસ્તગત છે કળા જેથી થાય એ સર્વે વિફળ.

નથી ચિંતા ચપલ ચપલાઓ ભલે ચમક્યા કરે,
ભલે ધાર અનંત ઊંડી વેદના કેરી ઢળે,
ગડગડાટ થઈ રહેલા ઘોર અભ્રતણા ભલે,
ધૈર્ય, હિંમત ને તિતિક્ષા વરી છે તુજને ખરે.

કેટલીયે વાર આવી કસોટી આવી ગઈ,
દહી આમ રહ્યા તને કૈં વાર ઓચિંતા અનલ,
કિન્તુ શાંત થઈ ગયા, હાલ્યું નહીં તારું હૃદય,
સુધા સમજીને સમાવ્યું પ્રાણમાં તેં તો ગરલ.



દેશ મારા, છે મને શ્રદ્ધા અને પાકી ખબર,
જીવશે તું, થશે દ્વેષીની જ આખર તો કબર !

* * *

## ૧૭. સત્યતણો છે જયજયકાર

સત્યતણો છે જયજયકાર ! ધર્મતણો છે જયજયકાર !

આરંભે સત્યતણો યાત્રી, ખાય ભલેને મોટો માર,
આખર વરે ખરે જ વિજયને, છોડ ન શ્રધ્ધા એ કદિકાળ! ... સત્યતણો

અસત્ય ફાલે, અધર્મ મ્હાલે, ભરે હરણના જેવી ફાળ,
કાયમ કાજે ટકી શકે ના, છોડ ન શ્રદ્ધા એ કદિકાળ ! .... સત્ય તણો

પ્રદેશ જંગી ભલે પચાવે, ફેલાવે ચોદિશ ને આણ,
એક દિવસ તો આસન ડોલે, ખતમ થાય છે એનો પ્રાણ! ... સત્ય તણો

અવમાન તથા નિંદા આવે, ભોગ આપવો પડે કરાળ,
ભરખી જાય અસતને અંતે, બની બની ને ઝેરવરાળ ! ... સત્ય તણો

વેરાન મહીં બાગ બને ને રણમાં વન કેરો સંસાર,
વસંત ખીલે નવજીવનની, છોડ ન શ્રદ્ધા એ કદિકાળ! ... સત્ય તણો

* * *

## ૧૮. આહ્‌વાન

લઈ મોતને હાથમાં વ્રજજ કરતાં પ્રાણ,
જવાન ચાલ્યા દેશને અર્પણ કરવા જાન.
અંગારા આંખે ભર્યા, જવાળા અંગ કરાળ,
અનલ રહ્યો આત્મા મહીં, એની શ્વાસોશ્વાસ વરાળ.

આજ ધરતીની વીર હાક વગી જવાનિયા, જાવ જાગી !
કાળ ઊભો છે બારણે તમારે, પ્રચંડ બલિ ને માગી.
આજ સળગી છે ડુંગર માળા, સરિત-સ્ત્રોતની ધારા,
શસ્ત્ર ધારી લો હાથમાં તમારા, બખ્તર પહેરી ન્યારા.

ડરશો કે ડગશો નહીં, શૂરા ને સંગ્રામ,
વીર બની જહાલજો, ભરી આશ ને હામ,
પત્થર ના પેદા થયા, હીરા રૂપ થયા,
સાબિત કરજો આજ કે કાળ કરાળ બન્યા.

આ તો ભારતની ભોમકા તમારી, રહી તમોને પાળી,
આજ માગી રહી કુરબાની, સર્વસ્વને દો વારી !
જાગ્યા દાવાનલ દેશમાં ભારી, ઉલ્કા કે પડ્યા લાગે,
જાવ દોડી જવાંમર્દ લાખો કે રણશીંગા વાગે !

*   *   *

**૧૯. ખાઈ ખોદનહારા !**

ઓ ખાઈ ખોદનહારા !
જાણી લેજો જરૂરથી કે અંગે અંગ તમારાં,
ભાંગી પડશે, ભૂક્કા બનશે, ભાગ્ય અમારા ન્યારાં.
ઓ ખાઈ ખોદનહારા ! ઓ વહાવનારા જ્વાળા !

છો કરતૂત કરો કાળાં !
વાળ ન વાંકો થાય અમારો કરો ભલેને ચાળા,
તમારા જ યમદ્વારે બનશે વારા ફરતી વારા,
છો કરતૂત કરો કાળાં !

ઓ જાળ તણાં વણનારા !
અમે બચીશું ડગલે પગલે, રક્ષક ધન્ય અમારા,
તમે જ સપડાશો, બંધાશે જાળે પ્રાણ તમારા,
ઓ જાળ તણા વણનારા !

હે ઉડાવનારા હાંસી !
ને ખાતા અનૃત-ખાંસી !
હાંસી થશે તમારી અંતે, જશો ડાકુશા નાસી,
ફોડી દેશે ઉદર તમારું કપટકણો જે ફાંસી,
હે ઉડાવનારા હાંસી !

હે લુપ્ત-જ્ઞાન મદમાતા !
ઝંઝાવાત સમા ઝેરીલા આજ ભલેને વાતા,
એક દિવસ માટીમાં મળશો, મળશે કો ના ત્રાતા,
ભાગ્ય ભરખવાનું તમને તો, સદા અમોને શાતા,
હે દાંભિક, જડ, મદમાતા !


છો વિજય મળે આરંભે !
કુલાશો ના, પરાસ્ત બનશો પરાધીન ને અંતે,
લટકાવાશો એક દિવસ તો સર્વનાશના સ્તંભે !
છો વિજય મળે આરંભે !

### ૨૦. દેશ માટેનું અર્પણ

જવાનો દેશના શૂરા મોરચાપે લડી રહ્યા,
એમને કાજે કૈં આપો, શત્રુ સાથે લડી રહ્યા.

સંગ્રામ ત્યાં ભીષણ છેક વ્યાપ્યો,
ને યંત્રણામાં સબડી રહેલા
જવાન રક્ષે નિજ માતૃભૂમિને,
ઉત્સાહ ના આજ મપાય માપ્યો.

હિમગિર-શિખરોની તીક્ષ્ણ ઠંડી સહીને,
વતન-ફરજ વીરો ધૈર્ય સાથે બજાવે,
કઠિન ગિરિવરોની ગોદમાં યુદ્ધ કેરા
અનલ સતત જાગ્યા, શૌર્ય સાથે સમાવે.



સહાય એમને કાજે કરો ઓ દેશના જનો !
પોકાર એમ પાડે છે સેવકો માર્ગમાં ઘણો.

ત્યાં તો કોઈ અભણ સરખો માનવી માર્ગમાંથી,
અંધારાના પડળ પરથી તેજની રેખ જેવો,
આગે આવે, વિમલ નયને સેવકોને નિહાળે,
કાઢી આપે તરત ફરતું વસ્ત્ર ને અંગમાંથી,

જવાનો દેશના શૂરા, મોરચાપે લડી રહ્યા,
કામળો તેમને માટે આપું છું, વચનો કહ્યાં !

*   *   *

## ૨૧. દેવ દીકરી

નેફા વિસ્તારમાં ફાટી લડાઈ ઘોર નીકળી,
તે સમે રંક આસામી માતાની એક દીકરી,
ઝૂલે યૌવનને ઝૂલે, અંગાગોમાં અનંગની
વીણા વગાડતી જાણે, એકની એક દીકરી.

પંકજો પ્રકટી ઊઠ્યાં પ્રેમનાં પ્રાણમાં હતાં,
દર્શકો એહને દેખી મોહમાં મગ્ન શાં થતાં.

શહેરનો એક યુવાન એના
સૌંદર્યથી મોહિત શો થયેલો,
સૌંદર્ય-દેવ ઉરની બનાવવા,
જોતો હતો કોડ ભર્યો બનેલો.

પાણિ-ગ્રહણને માટે તલસી એ રહ્યો હતો,
એકવાર કર્યો એણે એકાંતે સ્નેહને છતો :

તારા વિના જીવન શુષ્ક મારું,
સહી શકાયે ન વિયોગ દેવી !
વરી મને લે રસરાધિકા શી !
તો શાંતિ પામે મુજ પ્રાણ કેવી !

નેફા વિસ્તારમાં ફાટી લડાઈ ઘોર નીકળી
આસામી માતની બોલી ત્યારે એ શાંત દીકરી :

“મોરચાપે જઈને જે વીર દુશ્મનને હણે,
હસ્ત-મેળાપ મારો તો તેની સાથે જ હા, બને,
જવાંમર્દ ચઢે જંગે તેને માત્ર શકું વરી,
દેશને કાજ જે સર્વે સમર્પણ શકે કરી.”

યુવાન એવાં વચનો સુણીને
તૈયાર જંગે ચઢવા થયો,
સ્વદેશના રક્ષણની પ્રતિજ્ઞા

લઈ, લઈ શસ્ત્ર ઝઝૂમવા વળ્યો.
એ દીકરીને નિજ સત્ય-પ્રેમી
સ્વદેશને રક્ષક એક ને મળ્યો.

નેફા વિસ્તારમાં ફાટી લડાઈ ઘોર નીકળી,
ઈતિહાસ ગઈ સર્જી ત્યારે એ દેવ-દીકરી.

*   *   *

## ૨૨. કેસરિયાં કરો

કેસરિયાં કરો, ઓ ભાઈ, કેસરિયાં કરો,
દેશની રક્ષાને કાજે કેસરિયાં કરો !
દુશ્મનના રક્ત થકી ખપ્પર ભરો ... દેશની રક્ષા કાજે.

જાગો પ્રમાદ તજી કુંભકર્ણ નીંદથી,
ધાડાં રિપુનાં આવ્યાં ધરતીપે હિંદની,
વાગી રણભેરી હવે શાને ડરો ? ... દેશની રક્ષા કાજે.

શૂરા હશે તે જ સંગ્રામો જીતશે,
દુશ્મનને કાળ જેમ ક્રોધ કરી વીંટશે,
વીરલા બનીને પ્રાણ રિપુના હરો ! ... દેશની રક્ષા કાજે.

દેશતણી રક્ષા એ ધર્મ-ધ્યાન આજ છે,
આખાયે દેશ તણો એક જ અવાજ છે,
મરવું પડે તો મારી કૈં ને મરો ... દેશની રક્ષા કાજે.

પાછી પાની જો જો કરશો ના આજ તો,
વાદળા શા ઘોર કરી ગર્જના ગાજજો,
જીવન સાફલ્ય આજે સૌનું કરો ... દેશની રક્ષા કાજે.

* * *

**૨૩. ભાવના**

ભલે અમારા મારગમાં હો અનંતશી જવાળા,
ધપીએ અમે એના પરથી, ફૂલ જાણી પ્યારાં !
એમને ફૂલ ગણી પ્યારાં !

ભલે વેદના વર્ષા વરસે, ચિંતાની ચપલા
તડૂકે કરી તાંડવ, તોયે આશ રહે અચલા !
અમારી આશા રહે અચલા !

પર્વત હો પીડાનાં છો ને પાર વિનાનાં પંથ,
પ્રસ્વેદ પડે યંત્રણ થકી, નમે તોય ના કંઠ,
અમારા નમે તોય ના કંઠ.

દાવાનલ છો દઝાડતાં, ને ઝંઝાવાત થતા,
પુરુષાર્થની કલાંત બને ના છતાં કરુણ કથા.
યુગોની છતાં કરુણ કથા.

મંઝીલ વિના મનોરથોની માળા મ્લાન ન થાય,
સિતાર મનની નિર્જનમાં કે પુરમાં મંગલ ગાય !
અમારે જીવન ઉત્સવ થાય !

* * *

## ૨૪. આઝાદીની પાંચાલીનાં

આઝાદીની પાંચાલીનાં ખેંચાઈ રહ્યાં ચીર,
ઊઠો, આવો સદ્ય વહારે, પ્રેમી પાંડવ વીર !

દુર્યોધન ને દુઃશાસનની જોડી છે જામી,
કૌટીલ્ય મહીં ખરે એમના નથી રહી ખામી.

આવો ચક્ર સુદર્શનધારી ! શઠને સંહરવા,
આઝાદીની પાંચાલીને બેઠા જે હરવા !

અમાપ બળ મેલો એનામાં, લેશ ન એ હાલે,
થાકી જાય દુરાચારી પણ એ ફૂલે-ફાલે.

દર્દ નસેનસમાં વ્યાપ્યાથી થઈ અતીવ અધીર,
આવો આઝાદીના રક્ષક, શમાવવાને પીર,

રણચંડીશી રણે ચઢી એ ઝઝૂમતી જડ સાથ,
શ્વાસ હશે ત્યાં લગ તો કોઈ ભરી ન શકશે બાથ.

પરંતુ પુત્રો કરોડ એના ઉમટો હે રણવીર,
નામર્દ બની બેસાયે ના પડયે દેશ પર ભીડ.

* * *

## ૨૫. જુઓ પાછી કરો પાની

જુઓ પાછી કરો પાની, વતનનો સાદ આવ્યો છે,
લઈ લો અજબની લ્હાણી, વતનનો સાદ આવ્યો છે.

ઉડાડી દો હવે નિદ્રા, તમે રંગીનશાં સ્વપ્નાં
ભલે હો અજ્ઞ કે જ્ઞાની વતનનો સાદ આવ્યો છે.

ઉઠો, કમ્મર કસો, હાથે ધરી હથિયાર આગે હો,
બતાવી દો ખરું પાણી, વતનનો સાદ આવ્યો છે.

હલાલ કરો નમક સઘળું, વિલંબ નહીં લગાર કરો,
વખત છે ખૂબ તોફાની, વતનનો સાદ આવ્યો છે.

મરો મારી હજારોને, ફરો વિજયી જ કે પાછા,
પ્રતિજ્ઞા કે કરો શાણી, વતનનો સાદ આવ્યો છે.

પડ્યા લડનાર મેદાને, તમે ડરનાર પણ ક્યાં છો ?
ભલેને જાય એ જાણી, વતનનો સાદ આવ્યો છે.

રસે ભર બાગને ઉજ્જડ કરી દેવા બધા આવ્યા,
ધરા ચાલો ધણધણાવી, વતનનો સાદ આવ્યો છે.

કટોરા રક્તના ભરતાં, ધપો શૂરા બની આગળ,
ભલે હો જાનફેસાની, વતનનો સાદ આવ્યો છે.

*   *   *

## ૨૯. ભારતમાની રક્ષા કાજે

ભારતમાની રક્ષા કાજે કરશું યત્ન તમામ,
આરામ તથા ભોગ ગણીને કાયમ કાજ હરામ.

ભલે છવાયાં ચારે પાસે,
વાદળ વ્યોમે વણચોમાસે,
વિખેરીને પ્રકટાવીશું સૂરજ લઈ દમામ ! ... ભારતમાની

લેશ નથી આફતથી ડરતાં,
અટ્ટહાસ છો વિઘ્નો કરતાં;
પોલાદી પ્રાણ બનાવીને ધપશું દિનને યામ ... ભારતમાની

માં ભલે ઉછાળા મારે,
કરાળ આવે તેમજ કાળે;
એ સૌના પર કૂચ કરીને જશું સ્થળે અભિરામ ... ભારતમાની

વિતી ગઈ સ્વપ્નની વેળા,
કરીએ હવે ચોકી પહેરા;
કોઈ કાળે, કોઈ અમને કરશે નહીં ગુલામ ... ભારતમાની

પ્યાલા ઘણા સુધાના પીધા,
જામ હવે સોમલના દીધા;
પાન કરીશું નીલકંઠશા બનતાં આતમરામ ... ભારતમાની

*   *   *

**૨૭. આજ અમારા**

આજ અમારા પીંખાયા દેશના સીમાડા,
રક્ષક તો દોડી આવજો હોજી ! હોજી !
અમારા દવથી દઝાયા છે નીંભાડા,
દર્શક તો દોડી આવજો હોજી ! હોજી !

આભલિયે આજ અમારા, અંધારાં વાદળ છાયાં,
કિરણો રવિના સંતાયાં; રેલવા પ્રકાશ કેરી ધારા
રક્ષક તો દોડી આવજો હોજી ! હોજી !

સાગરમાં ઓચિંતા આ, મહા પ્રાણમંથન જાગ્યાં,
ભારે દુંદુંભી વાગ્યાં, હલેસાંઓ મારવા અમારા
નાવિક તો દોડી આવજો હોજી ! હોજી !

હિંમત છે હૈયે ભારે, ધીરજની વીણા વાગે,
વીરતાના છૂટ્યા રાગે; પંથને બતાવવાને ન્યારા,
માલિક તો દોડી આવજો હોજી ! હોજી !

તમે ના શકો આવી તો, શક્તિ કેરા કુવારા,
જગવો અંગે અમારા, સાચવીએ દેશને અમારા,
રક્ષક તો દોડી આવજો હોજી ! હોજી !

આજ અમારા પીંખાયા દેશના સીમાડા,
રક્ષક તો દોડી આવજો હોજી ! હોજી !

*  *  *

## ૨૮. ઉદબોધન

શું કાયર બનતાં બેઠા ચિંતા ધારી ?
લો શસ્ત્ર, બનો બહાદુર, દો રિપુને મારી !
છે બહાદુર એ તો, તમે નમાલા ક્યાં છો !
લલકાર કરો કંપે દુશ્મનના દળ તો !

આ દુનિયા છે ના કાંઈ નામર્દોની,
છે બની હંમેશા કાજ જવાંમર્દોની,
જે ધરતીના પર શ્વાસ તમે છે ધાર્યો,
ના પ્રાણ જાય તે ધરતીનો સંહાર્યો.

તે માટે ઊઠો, પરિશ્રમ કરવા આજે,
રે આંખ ફાડતાં દેખ્યે જીવન લાજે !
દે દુશ્મન દ્વેષી ભલે તમોને તાળી,
છે આજ તમારા ભાગ્યોદયની વારી !



શું કાયર બનતાં...

* * *

## ૨૯. રણ ચઢવા લલકારે

અમોને રણ ચઢવા લલકારે:
કાઢશે નહીં કસ તે કાંઈ, બથ ભરવા લલકારે .. અમોને

સૌમ્ય ઉપરથી સાગર શા, મન જોતાં અમને વારે;
ભીતર વડવાનલ જેવી પણ આગ ભરી છે ભારે,
ઉલ્કાપાત મચાવીશું તો કો' ન આવશે વ્હારે ... અમોને

કોમળ કુસુમ સમાન કાળજે, સૌરભ છોડી પ્રાણે;
વજ્ર સમાન કઠોર બનીને પરંતુ હરતા જાને;
રોષ તણી રજ એક અમારી સૃષ્ટિ સકળ પ્રજાળે ... અમોને

મંત્ર મિત્રતાના રટનારા, વિશ્વપ્રેમને દાવે;
પરંતુ ખોદે ઘોર અમારી આફત જેઓ લાવે,
જાણી લે તે નમાવશે ના કદી અમોને કાળે ... અમોને

*   *   *


## ૩૦. ભલે થવાનું હોય તે થાય

ભલે થવાનું હોય તે થાય,
અમે કોઈને નહિ દઈએ ફાવવા રે.

મહામૂલી સ્વતંત્રતા છે મળી રે,
તેને લૂંટાવા કેમ દેવાય ? ... ભલે થવાનું

શાન ભારતની સાચવી રાખવા રે,
બધા બનતા કરીશું ઉપાય ... ભલે થવાનું.

રહ્યો પ્રાણ આ જ્યાં સુધી શરીરમાં રે,
નહીં આઝાદી દેશની જાય ... ભલે થવાનું.



ભલે ભારે પડે ભોગ આપવા રે,
કદી છોડવી પડે આ કાય ... ભલે થવાનું.

ધાક ધમકી ને ત્રાસથી ડર્યા વિના રે,
કરી રહીશું મુકાબલો બધાંય ... ભલે થવાનું.

દેશ કાજે કુરબાન થશું પ્રેમથી રે,
ભલે જાણી જગત એ જાય ... ભલે થવાનું.

*   *   *

## ૩૧. ભારતનો જયજયકાર

ભારતનો જયકાર, જગમાં ભારતનો જયકાર.
નિત્ય હજો જયકાર, જગમાં ભારતનો જયકાર.

શાંતિતણો દૂત બની બનજો, જગત તણો પ્રતિપાળ,
દૈવી દેશ અમારો ભરજો, પ્રગતિ પંથ પર ફાળ ... ભારતનો

ભેદભાવ સઘળાંય શમાવી, પાવ પ્રેમ રસધાર,
શાંતિ તેમ સુખ સૌને આપો, આપો શ્રેષ્ઠ વિચાર. ... ભારતનો

કરવા રક્ષા તેમજ એનો કરવાને ઉધ્ધાર,
યત્ન કરીએ, ખપી જઈએ, કરતાં જય જયકાર ... ભારતનો

* * *

### ૩૨. કુરબાની

કુરબાની, કુરબાની, દેશ માટે કુરબાની.

આફત આવી દેશ ઉપર ત્યાં, શાંતિ હોય શાની ?
આગે બઢો, બધાં યે બોલી, વીર્ય ભરી વાણી ... કુરબાની, કુરબાની.

આઝાદી તો મૂંગાં માગે, પશું, પંખી, પ્રાણી;
ગુલામ કરનારાના લેજો, પ્રાણ તરત તાણી ... કુરબાની, કુરબાની.

પુરુષ, સ્ત્રી ને બાળક સૌ યે વાર કરો શાની ?
પ્રાણ હાથમાં રાખી રક્ષો આઝાદી માની ... કુરબાની, કુરબાની.

*   *   *

## ૩૩. ડોલી ઊઠ્યા

ડોલી ઊઠ્યા હિમાળા ડુંગરા !

પેલી પારેથી ધાડાં આવ્યાં
જંગલને કરી પાર જાણે ઉંદરા ... ડોલી ઊઠ્યા.

ટોળાં હથિયાર સાથે ઉતર્યાં,
ઉંઘી રહેલો જ્યારે ભારત દેશ, ટોળાં ઉતર્યાં ... ડોલી ઊઠ્યા.

હીરલાએ હાક મારી દેશને,
રોકી શકાયે નહીં આખા દેશકેરા વેગને ... ડોલી ઊઠ્યા

હડસેલી કાઢો, ધાડાં હિંમતે,
ભરપાઈ કરી દેજો ભારેમાં ભારે કિંમતે ... ડોલી ઊઠ્યા.

ટોળાં, લૂંટારાના લાખો તણાં,
ઉડાવી દો ભૂક્કા હવે એમના હોંશે ઘણાં ... ડોલી ઊઠ્યા

જંગ જવાંમર્દ બની જીતજો,
ધાડાં બધાંએ જાય હિમાલય પાર, એવી પિટજો ! ... ડોલી ઊઠ્યા


* * *

### ૩૪. કોની છે તાકાત

કોની છે તાકાત કહોને, કોની છે તાકાત ?
કરવા બંધનગ્રસ્ત અમોને,
પીડિત કરવા ફરી કહોને;
કોણ ઘડે છે ઘાટ, કહોને, કોની છે તાકાત ?

મારી અમે હઠાવી દીધી
સલ્તનતો સંહારી દીધી;
તો પણ હડપી જવા અમોને,
કોણ કરે છે વાત, કહોને, કોની છે તાકાત ?

કરોડ ભેગા હાથ થયાં છે,
નાદ જગાવી કંઠ રહ્યા છે;
પ્રજા થઈને એક અમારી,
ઊભી દિન ને રાત, કહોને, કોની છે તાકાત ?



મોત માગતા હો આજે જે,
કાળી નજર કરે મૂરખ તે;
આક્રમકોને હઠાવવાના
જો ના માને વાત ! કહોને, કોની છે તાકાત ?

* * *

## ૩૫. બીક હવે તો ગઈ

બધીયે બીક હવે તો ગઈ !

ચોર ડાકુ કે દુશ્મન સામે,
પ્રજા સુતેલી જે આરામે
જાગી આજે, હિંમતથી ને
લડવા એક થઈ ! ... બધીયે

હિમગિરિ કેરાં શ્રૃંગો પરથી,
દુશ્મનદળ આવેલાં ઉમટી;
મારી હઠાવવાને દોડ્યાં
સર્વે સાદ દઈ ! ... બધીયે

દેશપ્રેમથી પ્રાણ ભરીને,
ભ્રાંતિ બધીયે દૂર કરીને,
રક્ષા કાજે લડવા લાગી
જનતા શપથ લઈ ! ... બધીયે



ગુલામ કોઈ કરી ન શકશે,
આઝાદી ભારતની ટકશે;
પ્રતીતિ એવી દુશ્મનને પણ
લડતાંવેંત થઈ ! ... બધીયે

* * *

### ૩૬. લડાઈનો અંત હો

હવે તો લડાઈનો અંત હો,
આ વિશ્વમાંથી હવે તો લડાઈનો અંત હો !
કાયમને માટે અંત હો,
આ વિશ્વમાંથી હવે તો લડાઈનો અંત હો !

વીસમી સદી આ તો વિશ્વના વિકાસની,
સર્વોચ્ચ એવી ગણાય જો;
વિજ્ઞાને કૂચ કરી કેવી છે ભારે ?
લડવાનો રહ્યો હવે અર્થ શો ? … આ વિશ્વમાંથી.

માનવની એકતાની વાતો ચાલી રહીને,
વહેતા પ્રચાર હવે આજ તો;
ગોળા ભેગા કરી માનવ ગર્જી રહ્યો,
કરવા સુધારને વ્યર્થ હો ! ... આ વિશ્વમાંથી.

સામ્રાજ્યવાદનો વ્યાધિ મટો હવે તો,
શાંતિ તણી દીક્ષા બધાય લો;
માનવ મટી જઈને જનાવરના સમા,
કાળાં કરો નહીં કૃત્ય કો ! ... આ વિશ્વમાંથી.

*   *   *

### ૩૭. પ્રિયતમાનો પત્ર

રાષ્ટ્રને રક્ષવા માટે ગયેલા મોરચા ઉપર નાથ !
યુદ્ધમાં પાછા જો જો પડોના બીજા સૈનિકાની સાથ.
અરજ છે એટલી મારી, માની લેજો માતને પ્યારી.

ઘેનભર્યા જયહિંદના નારે વીર, ઝઝૂમો જંગ,
છાતી મારી ત્યારે ગજ ગજ ફૂલે, ખેલો શોણિતને રંગ;
મને યાદ કરશો જરા ના, વહો નિજ ધર્મધુરા ત્યાં !

કોટિ જનોની આઝાદી કેરા રક્ષક છો તમે સાચ;
ભૂલશો ના એ, આજુબાજુ ભલે થાય ગોળીનો નાચ.
રમે કાળ રાસ ભલેને, નિરુત્સાહ બનતા રખેને !

મોરચા ઉપર મોત મળે તો ભેટી લેજો કરી ભાવ;
દેશને કાજે કુરબાની છે દેવતાનો શરપાવ;
મને શાંતિ મળશે એથી, ખપી ગયા યુદ્ધે સુણ્યેથી.

જીતીને આવો તો રંગે મળીશું, નહિ તો પછી થશે મેળ;
હારીને આવો તો કાળજામાં મારો કાળો છવાશે કેર;
લડી લેજો મોતને ઘોળી, ભલે અરિની થાય હોળી !

માતાને હોય મુસીબત ત્યારે શાંત રહે શે પ્રાણ ?
આવી રહી છું મદદે તમારી, રાખી હથેળીમાં જાન,
વધેરું દુશ્મન માથાં, આવું બાંધી વીરતા ભાથાં !

* * *

## ૩૮. પાણી બતાવો

પાણી બતાવો, ભલે પાણી બતાવો,
ભારતની વીરતાનું પાણી બતાવો !

કેટકેટલા દિનોથી ધાવણ છે પીધાં,
ઊંડી કૃતજ્ઞતાને અંતે જતાવો ! ... ભારતની.

ઘેનભર્યો શત્રુ છો સામે ઊભો હો,
સિંહસમા શાવકશા એને સતાવો ! ... ભારતની.

ચાખી લે એય ભલે સ્વાદને તમારા,
એના જ મંત્ર હવે એને રટાવો ! ... ભારતની.

આવ્યો છે અવસર આ અણચિંત્યો આજે,
તલવાર મ્યાનમાં શાને કટાવો ? ... ભારતની.

ભારતને બંદી ના બનાવાય કો'દી,
કહી દો કે મૂરખને છોને પટાવો ! ... ભારતની.

*   *   *

## ૩૯. હિંદુસ્તાન, જય હિંદુસ્તાન

હિંદુસ્તાન, હિંદુસ્તાન, જય જય હિંદુસ્તાન !
તારે ખાતર ખતમ ભલેને થાય અમારા પ્રાણ ! ... હિંદુસ્તાન

દેહ અમારો મંગલમય ને પ્રજા અમારી એક,
એમ કહો કે અમે એક, ને દેશ અમારો એક,
તારે કાજે કટિબદ્ધ થયા થવા અમે કુરબાન ! ... હિંદુસ્તાન

હિંસક-દળ દોડી છો આવે,
નહીં અમારી આગળ ફાવે,
ઉપાસક અમે અભયતણા સૌ, એક અમારી ટેક,
તારી આગળ નથી એટલા પ્યારા અમને જાન ! ... હિંદુસ્તાન

સંતાન અમે શૂરજનોનાં,
સંસ્કૃતિની સર્વોચ્ચ ક્ષણોમાં;
દેશદાઝથી દ્રવે અમારાં દિલડાં દૈવી નેક,
રોમે રોમે તારાં જાગે સદા અમારે ગાન ... હિંદુસ્તાન

* * *

## ૪૦. ઓ દેશ ભારત !

કોઈ ગુલામ ના તને શકશે કરી ફરી,
ઓ દેશ ભારત, દુશ્મનોથી ના જતો ડરી.

હાંસલ છે આઝાદી કરી, ભોગો ધર્યા મોટા,
કોઈ કરી ના શકશે તારાં, સ્વપ્નને ખોટાં.

દૃઢતા ભરેલી કૂચ કરજે, કૂચ તું આગે,
સમૃદ્ધ થતાં વાર તને, વધુ નહીં લાગે.

કંટક ભલે હો પંથ એને, દૂર દે કરી,
ઓ દેશ ભારત, સંકટોથી ના જતો ડરી.

યાત્રા મુસીબતથી ભરેલી, એકલી જ છે,
કંપાવશે પણ કાળજાને, લેશ નહીં એ.

ઝેરી હો ઝંઝાવાત ભલે, નૃત્ય કરે કાળ,
તાંડવ કરી પ્રલયાગ્નિથી, ભરી દેજે ફાળ !

હિંમત થકી આગે બઢી લે, વિજયને વરી.
ઓ દેશ ભારત, વેદનાથી, ના જતો ડરી.

બંદી તને કરવા જતાં, બનશે સ્વયં બંદી,
સ્વાતંત્ર્ય તારું કાળ યે, શકશે નહીં નંદી;

ઓ સંસ્કૃતિના સૂત્રધાર, શાંતીના સ્વામી !
પુરુષાર્થ કરી લે શુભાશિષ ઈશની પામી.

લાખો ઉપાયે આત્મ તારો, ના શકે મરી,
ઓ દેશ ભારત, વાદળાંથી ના જતો ડરી.

* * *

## ૪૧. કદમ ભરો

કદમ ભરો, કદમ ભરો,
જંગમાં જવા જવાન હે, હવે કદમ ભરો !

દુશ્મનોની ફોજ છે હિમાલયે વધી રહી,
વીરતાને સાદ માતૃ-ભૂમિ છે કરી રહી,
ના ડરો કરો પ્રમાદ, સામનો રણે કરો,
કાળશા બની કરાળ હે, હવે કદમ ભરો ! ... કદમ ભરો

એક છે પ્રજા, નથી જરાય ભેદ એ મહીં,
વાત એ અભિન્નતાની આજ સાફ દો કહી,
વેગથી વધો, ધપો, બઢો, સમીરશા ફરો,
કાળશા બની કરાળ હે, હવે કદમ ભરો ! ... કદમ ભરો.

ડરો નહીં, લડો હવે, તમે કરોડ વીર છો,
કાળનો ય છે હિસાબ રે તમારી પાસ શો ?
જંગ જીતતાં પઢાવો પાઠ શત્રુને ખરો !
કાળશા બની કરાળ હે, હવે કદમ ભરો ! ... કદમ ભરો.

એકવાર મૃત્યુ તો અવશ્યમેવ આવશે,
ધર્મયુદ્ધ કિન્તુ કો'ક દિવ્ય શાંતિ લાવશે,
હોંશથી ધપો, સ્વધર્મને હવે અદા કરો !
કાળશા બની કરાળ હે, હવે કદમ ભરો ! ... કદમ ભરો.

*   *   *

### ૪૨. હઠો હઠો

હઠો હઠો ઓ યુદ્ધખોર, અન્યના પ્રદેશ-ચોર,
ચાહતા હો જિંદગી, વધો નહીં અમારી ઓર !

દેશ ભવ્ય ભારતે અમે ધર્યો પવિત્ર જન્મ,
યાદ છે અમારો ધર્મ, રાષ્ટ્રચેતનાનો મર્મ,
કરોડ માનવી મળ્યા, સશસ્ત્ર મોરચે વળ્યા,
નથી તમારી ખેર, શેરશા અમે બધા બન્યા.

ના પ્રદેશ-લાલસા અમે જરા ય સેવતા,
શસ્ત્રનાચ નગ્ન ના અમે ખરે જ ખેલતા,
છતાં તમે જ સૂત્રધાર શસ્ત્રયુધ્ધના થયા,
પરંતુ જાણતા નથી, અને જઈશું ના ડર્યા. ... હઠો હઠો

પ્રજા અમારી શાંતિવાદી, ના પરંતુ તે ડરે,
સમસ્ત એક છે થઈ કટોકટીતણી પળે,
ન ઝંપશે જરીય એ, હઠો તમે ન જ્યાં લગી,
હઠાવશે, ન યંત્રણા કે વિઘ્નથી જશે ડગી. ... હઠો હઠો

દેશદાઝની અનંત આગમાં તમે નહીં,
બચી શકો, રહી શકો, જલી જશો બધા કહીં,
વીર છે પ્રજા અમારી, રોષમાં ઉભી થઈ,
ચહો જો ક્ષેમ તો છુપાવ દોડતા હવે જઈ ! ... હઠો હઠો.

દ્રઢ-પ્રતિજ્ઞ રક્ષવા અમારા દેશને અમે,
જરૂર જાણજો, ન ફાવશો કે જંગમાં તમે,
દિવાલ વજ્રની અભેદ્યશી અમે બની રહ્યા,
મરી જશો, પ્રચંડ કાળરૂપ સૌ બની ગયા ! ... હઠો હઠો.


* * *

### ૪૩. દેશકેરી દાઝ

દેશકેરી દાઝ જે નયનો મહીં ના હો,
નયને એ નિરખે ન નિરખે, ફેર એમાં શો ?
સ્નેહ જેમાં ના છલકતો માનવી માટે,
નયન એવાં ના રહે શો શોક એનો તો ?

દેશની ગુણગાન ગાથા ના ગમે જેને,
કહો શું કરવું સરસ હો કાન પણ એને ?
જન્મભૂમિ તણી સુવાસે ના પ્રફુલ્લ બને,
નાસિકા કરવી કહો શું ? હોય ના હો એ !

મૂલ્ય શું જીહ્વાતણું જે દેશને સ્નેહે,
રટે ના, તેની કરે ના પ્રશસ્તિ નેહે ?
હોય વિદ્વત્તા વરી વાચાળતા એને,
પ્રેમ ના પૃથ્વીતણો તો કરે શું તેને ?



દેશની મમતા નથી ને માન દેશતણું,
ચિત્તમાં જે, ચિત્ત તે સાચે જ શુષ્ક ગણું;
જે હૃદયમાં માતની મંગલ નહીં મૂર્તિ,
તે હૃદયની પૂર્ણતાની થાય ના પૂર્તિ !

જે હૃદયમાં વિશ્વ પ્રેમતણા ફુવારાના,
એકતા સેવા-દયાના દિવ્ય ભાવો ના;
રણસમા એ હૃદયની શોભા કહોને શું ?
રહે બંધ પડે હૃદય એ હર્ષ શોકે શું ?

અંગ પણ ના કામ આવે અન્યને માટે,
હુંફ ના આપે તપી કે સહીને જાતે,
છેક સુંદર, શક્ત, શાશ્વત યૌવનેભર હો,
તોય સિદ્ધ થશે કહોને હેતુ એથી શો ?

ભોગ ને કીર્તિ ભરેલું દીર્ઘ જીવન હો,

દેશ દુનિયાનો ન કિન્તુ પ્રેમ એમાં તો,
દીર્ઘ એ જીવન ધરાને ભારરૂપ ખરે,
હોય કે ના હોય એનું મૂલ્ય કૈં ન મળે,

*   *   *

## ૪૪. શૂરવીર સેનાનીને

શૂરવીર સેનાની આવો,
મુક્તિના પેગામો લાવો;
શંખનાદ છે વાગ્યો આજે દિવ્ય હિમાલય પાર,
ઢીલ કરો છો હવે તમે કાં ? રિપુને મારો માર !
ના કરો લગારે વાર !

નાના મોટા બધાય આજે,
કૂચ કરો આઝાદી કાજે;
દુશ્મનનાં ધાડાં આવે છે, ધરી રૂપ વિકરાળ,
ઢીલ કરો છો હવે તમે કાં ? રિપુને મારો માર !
ના કરો લગારે વાર !

પંજાબી, બંગાળી આવો,
આસામીઓ ભેળા થાઓ !
રાજસ્થાની, મરાઠી અને ગુજરાતી નરનાર,
મદ્રાસી સૌ હાથ મિલાવી રિપુને મારો માર !
ના કરો લગારે વાર !

આભ ધરામાં નાદ જગાવો,
દુશ્મન દળને દૂર ફગાવો;
અહાલેક કરતાં કૂચ કરો કરવા જયજયકાર;
ઢીલ કરો છો હવે તમે કાં ? રિપુને મારો માર !
ના કરો લગારે વાર !

* * *

## ૪૫. દેવોને દુર્લભ દેશ હે !

મારા દેવોને દુર્લભ દેશ હે, લડી લે રણમોજાર !

શાંતિ તણી તું સોડ તાણીને, સૂતેલો વરસોથી આજ,
આજ તોડી તારી નીંદરડીને, આવ્યો શત્રુનો અવાજ.
જાગ્યાં વીર નરો ને નાર ... મારા

વિશ્વશાંતિની વાતો કીધી ને વેરીને પાયો પ્રેમ,
ઠાર્યા હુતાશન સૃષ્ટિતણાં તેં, ચાહીને સૌનું ક્ષેમ.
આજે દ્વારે જાગ્યા અંગાર ... મારા

હિંમત છે તારા હૈયામાં ભારે, નીડરતા તારે પ્રાણ,
સામનો કરવા થનગન થાયે, જનતાકેરા જાન,
સ્વાર્પણ કેરી ના છે વાર .... મારા

ચોક્કસ તારો વિજય થવાનો, ભાગ્ય છે તારું મહાન,
આગે બઢીશ તું આગે ને આગે, સંસ્કૃતિ તારી મહાન.
થવાની આક્રમકોની હાર ... મારા

* * *

## ૪૬. આક્રમકોની સાથ

આક્રમકોની સાથ, તોડી દો સંગાથ,
વીંખી નાખો પીંખી નાખો, ગળે ભીડતાં બાથ!
દગાબાજની સાથે કેવી દોસ્તીની વાતો?
એકવાર તો કાઢો એને મારીને લાતો !

કપટ કરીને ખંજર એણે છાતીમાં માર્યું,
ભરખી આજ જવા ભારતને નિશાન છે ધાર્યું,
હવે એહની સાથે કેવો સ્નેહતણો નાતો ?
એકવાર તો કાઢો એને મારીને લાતો! ....આક્રમકોની સાથ.

હિમાલયતણી અખંડતાને એણે નષ્ટ કરી,
ભારેખમ લશ્કરની સાથે આગેકુચ કરી,
ક્ષુધાર્ત જાણે દાનવ જાગ્યો આજે મદમાતો,
એકવાર તો કાઢો એને મારીને લાતો! ....આક્રમકોની સાથ.

ભરમાશો ના પ્રચાર-જાળે, ચેતીને ચાલો,
ખોયેલી ધરતીને જીતી આનંદે મ્હાલો,
પરાક્રમતણો પાઠ શીખવો રક્તથકી રાતો,
એકવાર તો કાઢો એને મારીને લાતો! ....આક્રમોની સાથ.

* * *

## ૪૭. વસુધા એક કુટુંબસમી છે !

વસુધા એક કુટુંબસમી છે !
પાત્ર અનેક પ્રજાનાં કિન્તુ,
અંદર એનું એ જ અમી છે ! ... વસુધા

રંગ-રૂપ-ગુણ ભિન્ન ભલે હો,
પ્રાણ એક છે અંદરનો તો,
એક જ માત-પિતાનાં બાળક,
એકતાતણી ના જ કમી છે ! ... વસુધા

માળા જુદા ભલેને લાગે,
રહે નહીં કે સઘળાં રાગે,
એક જ તરુવરનાં સૌ વાસી,
વિદ્વાનોને વાત ગમી છે ... વસુધા



સરિતા જુદી જુદી હો તોયે,
સમાય સાગરમાં સૌ કોયે,
ધ્રુવપદ એક જ એમ બધાનું,
પ્રકૃતિ રાસ રસાળ રમી છે ... વસુધા

* * *

## ૪૮. ધ્વજને વંદન

મંગલ ભારતના ધ્વજ હે !
વંદન તુજને શતશત હે ! ... મંગલ.

પ્રતીક રાષ્ટ્રતણા ભાવોના,
આશા-શ્રધ્ધાના સંગમ હે !
પુરુષાર્થતણા પ્રેરક પૂરા,
આકાંક્ષાના અવતાર જ ને ! ... મંગલ

ગૌરવ તારું જાળવવાને,
આપ્યા ભોગ અનેક જને,
વિજયી કર્યો તને અંતે તો,
વિજય રહેજો યુગયુગલગ એ ! ... મંગલ

માનવને દે દિવ્ય પ્રેરણા,
પ્રાણતણા નિશદિન પ્રેરક હે !
ભેદભાવ ભૂલીને સૌયે,
તુજ પાસે હો એકત્રિત કે ... મંગલ

અખંડ સાક્ષી આઝાદીના !
જડના જીવન કે ચેતન હે !
સ્નેહ શાંતિ ને શુચિતા કેરા,
શૂરતાતણા તીર્થ પરમ હે ! ... મંગલ

ઉર્ધ્વ રહેજે રોજ સ્વમાની,
મંત્ર મહા ધરજે મંગલ ને,
મહિમા તારો સાચવવાને,
તન મન અર્પણ કરીયે સહુયે ! ... મંગલ

* * *

## ૪૯. મંગલ મારા દેશ રૂપાળા !

મંગલ મારા દેશ રૂપાળા !
વંદન કોટી કરું તને હું, દેવો પરમાત્માના પ્યારા ! ... મંગલ

ઉત્તર છત્ર હિમાલય કેરું, સોહે સુંદર બરફે ન્યારા,
વિંધ્યાચળ, અરવલ્લીકેરી સહ્યાદ્રિ દક્ષિણમાં માળા ... મંગલ

કાશ્મીર કન્યા તેમ કુમારી, બેટ દ્વારકા બંગ રસાળાં,
જયગાન કરે સાગર તારું, સંધ્યા તેમ ઉષા દ્રઢિયાળાં ... મંગલ.

ગંગાજમના સિંધુ વહે છે, તેમ નર્મદા-તાપી-ધારા,
સરસ્વતી, કાવેરી, કૃષ્ણા, જુએ સુરજ ને રાતે તારા ... મંગલ

શાશ્વત સંસ્કૃતિકેરા સ્વામી ! જ્ઞાનીયોગી ગૌરવવાળા !
ભેદમહીંયે અભેદધારી, ધીરવીરના સરજનહારા ! ... મંગલ


યુગયુગ કીર્તિ રહેજો તારી, અમર રહો સંદેશા તારા,
મનુકુળને સુખદાયી થાઓ, પ્રેરક તારા મંત્રો સારા ! ... મંગલ

* * *

**(સમાપ્ત)**

* * *

**શ્રી યોગેશ્વરજી - એક પરિચય**



**( ૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪ )**

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

* * *

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*